# <u>'ઉપમિતિ ભવપ્રપંચા કથા'</u>

**ડૉ. જિતેન્દ્ર શાહ**

- **<u>પ્રસ્તાવના :</u>**

વિશ્વસાહિત્યનામાં આગવું સ્થાન પામે એવો મહાગ્રંથ છે, **'ઉપમિતિ ભવપ્રપંચ કથા'**. વિસ્તૃત કથાપટ પર વહેતી નવલકથાને આપણે 'મહાનવલ' કહીએ છીએ. અનેક વર્ણનોથી ખચિત એવા ઘણા સર્ગો ધરાવતા દીર્ઘ કાવ્યને 'મહાકાવ્ય' કહીએ છીએ તો તે રીતે **'ઉપમિતિ ભવપ્રપંચ કથા'** અનેક નદીઓનો સંગમ ધરાવતા મહાસાગર સમો ગ્રંથ છે.

ભારતીય 'એપિક' છે, હર્મન જેકોબી અને પીટરસન જેવા વિદ્વાનોએ એની પ્રશંસા કરી છે અને હર્મન જેકોબીએ તો **'ઉપમિતિ ભવપ્રપંચ કથા'**ને **'ભારતીય સાહિત્યની સર્વપ્રથમ વ્યાપક અને વિશાળ રૂપકકથા'** કહી છે. પરંતુ આ માત્ર રૂપક કથા નથી. હકીકતે રસપ્રદ રૂપકકથા તો ગંભીર તત્વજ્ઞાનની આંગળી પકડીને ચાલે છે. આ ગ્રંથમાં ભવ્યતા અને ચમત્કાર છે, વેદવ્યાસના 'મહાભારત' મહાકાવ્યનું સ્મરણ કરાવે એવો માનવસ્વભાવનો ઊંડો અભ્યાસ છે અને આથી જ જેમ 'મહાભારત' વિશે કહ્યું છે તેમ કહેવાનું મન થાય કે 'જે અહીં નથી, તે ક્યાંય નથી.'

આ ભવની કથા છે. એમાં એનો પ્રપંચ-વિસ્તાર- વર્ણવાયો છે. સંસારના વિસ્તારને રૂપકો દ્વારા દર્શાવતી આ કથા આત્મકલ્યાણની પથદર્શક આત્મકથા પણ બની રહે છે, કિંતુ તેને માત્ર આત્મકથા કહીએ, તે એની અધૂરી ઓળખ છે. આ આત્મ-કથા પણ છે.

આમાં દ્રમક (ભિખારી) જે વાસ્તવમાં સંસારી જીવ છે, તેના સમગ્ર ભવચક્રના પરિભ્રમણની કથા આલેખાયેલી છે. નિગોદથી આરંભીને મોક્ષપ્રાપ્તિ સુધીના દેહનું પરિભ્રમણ આ ગ્રંથમાં આઠ પ્રસ્તાવના સોળ હજાર શ્લોક પ્રમાણમાં આશરે બે હજાર પાત્રો દ્વારા દર્શાવ્યું છે. આમાં માત્ર શુભભાવોનો જયઘોષ નથી, કિંતુ અશુભ ભાવોની ચિકિત્સા પણ છે એટલે કે અશુભને દર્શાવીને આત્મકલ્યાણનો પરમ વિશુધ્ધ માર્ગ અહીં દર્શાવ્યો છે.

આ મહાગ્રંથમાં અવગાહન કરનારે બે પ્રક્રિયા અપનાવવી પડે. એક કથારસમાં આલેખાયેલા રૂપકોને ખોલવાં પડે. એનાં બે અર્થો પામીને ત્રીજા અર્થના ઉઘાડની શોધ કરવી પડે અને આ શોધની સાથોસાથ વાચકે પોતાના સ્વજીવનની ભીતરી કિતાબ ખોલવી પડે છે. એનાં પૃષ્ઠો ખોલીને પોતાના જીવનના પ્રસંગોમાં નિહિત ભાવોને પારખવા પડે છે અને પોતાના આત્મવિકાસના માર્ગે એક-એક ડગ આગળ ભરવા માટે દ્રઢ સંકલ્પબદ્ધ બનવું પડે છે.

પરિણામે આ કૃતિ એ આત્મદર્શનનો અનુપમ અરિસો છે અને તે અરિસામાં વાચક તેના પોતાના સંસારનું સમગ્ર ચિત્ર જોશે અને પછી એના ઊંડાણમાં ઉતરવાની, એની આકર્ષક રૂપલીલાને ઓળખવાની, અશુભ ભાવોના અજ્ઞાનને અળગું કરાવાની એના ચિત્તમાં તાલાવેલી જાગશે. ધીરે ધીરે રૂપકોની સૃષ્ટિમાંથી બહાર નીકળીએ સાક્ષીભાવથી આ સંસારના પ્રપંચને જોવા લાગશે.

આથી આ ગ્રંથ માત્ર વાચનનો ગ્રંથ નથી. રૂપકકથા આલેખતો ગ્રંથ નથી, પણ એ મનન કરવા યોગ્ય ગ્રંથ છે. વળી ફક્ત મનન કરવાથી પણ ચાલશે નહીં, બલ્કે વાચકે પોતાના મનોમુકુરમાં સ્વદોષ દર્શન કરવાનો અને એનું નિવારણ કરવાનો ગ્રંથ છે. મજાની વાત એ છે કે આખા સંસારને એક રસપ્રદ કથા અને વિશિષ્ટ રૂપક દ્વારા આપણી સમક્ષ પ્રગટ કરતા જઈને સંસારમુક્તિના સર્વોચ્ચ શિખરને બતાવ્યું છે.

આમાં આવતી કથાઓમાં આત્માની વિભાવ દશામાં જાગતી તૃષ્ણા, વાસના, વિષય-કશાયો અને એને પરિણામે જીવનમાં સર્જાતી પીડા અને યાતના દર્શાવી છે. આમાં કથા અને ધર્મસિદ્ધાંતોનાં તાણાંવાણાં એવી રીતે ગૂંથવામાં આવ્યા છે કે વ્યકિત કથાની સાથોસાથ સ્વજીવનની કથાને સ્પર્શતો જાય છે અને અંતે તો એ ઉપશમરસની ભવવૈરાગ્ય સાધતી સ્વકથા બની રહે છે.

અહીં વિવિધ રૂપકો દ્વારા સંસાર પ્રપંચોનો પરિચય આપીને જૈનદર્શનના એક એક તત્વની વાત અને સિદ્ધાંતને કથાના માધ્યમથી ખોલી આપ્યાં છે. આવી **સોળ હજાર** શ્લોક

અને આશરે **૨૫૦૦** પાત્રોનું પ્રમાણ ધરાવતી વિશાળ રૂપકકથા એટલે **'ઉપમિતિ ભવપ્રપંચ કથા'**

- <u>'ઉપમિતિ ભવપ્રપંચ કથા':</u>

    - **કથારચના પાછળનું કારણ :**

સો વર્ષ પહેલા સિદ્ધ નામનો એક યુવાન ભીનમાલની અંદર ધનાઢ્ય શ્રેષ્ઠીનો પુત્ર સુંદર કન્યાને પરણીને આવે છે. સંભોગ સુખ ભોગવે છે. આ યુવાન પોતાના મિત્રો સાથે પણ અનેક પ્રકારની ક્રીડાઓ કરતા કરતા દ્યુતની લત્ત લાગી જાય છે. જેના કારણે ધીરે ધીરે રાત્રે ઘરે આવવામાં મોડું થવા લાગ્યું. ઘરની અંદર કોઈને ખબર ન પડે એટલા માટે તેની પત્ની દરવાજા પાસે બેસી રહેતી. રાત્રે આવે ત્યારે પોતે દરવાજો ખોલતી. સિદ્ધની દ્યુત રમવાની લત્ત વધુને વધુ તીવ્ર બનતી ગઈ. રાત્રે ઘરે પાછું આવવાનું પણ મોડું થવા લાગ્યું. આવી અવસ્થાને કારણે તેની પત્નીને દિવસે ઘરના કામો અને રાત્રે પતિની રાહ જોઈ બેસી રહેવાનું, કોઈને ખબર ન પાડવા દેવાની. આવા દુષણો છુપાવવા પાછળ તેની અસર તેણીના શરીર પર પાડવા લાગી. તેની સાસુએ જોયું કે વહુ ધીરે ધીરે દુબળી થતી જાય છે. સાસુ થોડા સમય પછી સાચી વાત જાણી લે છે. એમનો પુત્ર જુગારની લત્તે ચડ્યો છે, રાત્રે મોડા આવવાથી દરવાજા પાસે તેને બેસી રહેવું પડે છે. સાસુ એ દિવસે પોતે દરવાજો ખોલવાની રાહ જુએ છે. મોડી રાત્રે સિદ્ધ આવે છે ત્યારે માતા કહે છે, જે ઘરનો દરવાજો ખુલ્લો હોય ત્યાં ચાલ્યા જાવ. આજે આ દરવાજો નહીં ખુલે. સિદ્ધને આ વાત ખુબ ખરાબ લાગે છે. શેરીઓમાં ભટકે છે. મોડી રાત સુધી કોઈ ઘરનો દરવાજો ખુલ્લો ન મળ્યો. પણ એક મકાન જેના બધાજ દરવાજા ખુલ્લા હતા ત્યાં પ્રવેશ કરે છે. મીઠો આવકાર મળે છે અને ત્યાં બેસાડે છે. એ મકાન બીજું કોઈ નહીં એક ઉપાશ્રય હતો. સાધુઓ ત્યાં સવારે વહેલા ઉઠીને આરાધનાની તૈયારી કરી રહ્યા હતા. કોઈ જાપ કરી રહ્યું હતું, તો કોઈ પ્રતિક્રમણ અને સ્વાધ્યાય કરી રહ્યું હતું. મીઠા આવકારને લીધે તેનું મન તુલના કરવા લાગે છે. એક તરફ જે માતાએ મને જન્મ આપ્યો તેણે મને જાકારો આપ્યો. અને જે મને જાણતા નથી તેવ લોકોએ મને મીઠો આવકાર

આપ્યો છે. અંદરથી ખુબ શાતા અનુભવે છે. ગુરુ મહારાજ કહે છે, ધાર્મિક ક્રિયા થઇ જાય પછી વાત કરીએ. સવાર સુધીમાં તેને થોડો ધર્મ સમજાવ્યો. બીજી તરફ આ સિદ્ધના માતા-પિતા સવાર પડ્યે તેના પુત્રની શોધ કરવા નીકળે છે. તેઓ ઉપાશ્રય સુધી પહોંચે છે અને ઘરે પાછા ફરવા માટે વિનંતી કરે છે. સિદ્ધે હવે મન મક્કમ કરી લીધું અને આગળનું જીવન ઉપાશ્રયમાં જ વિતાવવાનો નિર્ણય કરે છે. ગુરુ મહારાજ પાસે દીક્ષા લે છે અને તેનો અધ્યયન – શિક્ષા – અભ્યાસ શરુ થાય છે. ભાષા, કોશ, કાવ્ય, અલંકાર, છંદ અને સિધ્ધાંતનું જ્ઞાન મેળવવા માટે પ્રવિણ બને છે. આગમો અને દર્શનનો અભ્યાસ શરુ થાય છે. તેમને અભ્યાસ દ્વારા બૌદ્ધ ધર્મના ખંડન-મંડનની વાત જાણવા મળી. ત્યારથી તેને બૌદ્ધ ધર્મના શાસ્ત્રો વાંચવાનું મન થાય છે. પણ તે ભણાવનાર ન હોવાથી ગુરુજી પાસે બૌદ્ધ દર્શન ભણવા જવાની પરવાનગી માંગે છે. ગુરુજી તેને પ્રતિજ્ઞા સાથે જવાની રજા આપે છે. કે બૌદ્ધ ધર્મ ભણતા ભણતા જો બૌદ્ધ બની જવાનું મન થાય તો ગુરુએ આપેલું રજોહરણ પાછું આપી દે. અભ્યાસ બાદ તેને બૌદ્ધ બનવાનું મન થઇ ગયું અને રજોહરણ પાછું આપવા આવે છે. ગુરુ મહારાજ સમજાવે છે અને જૈન ધર્મમાં જ જીવન વિતાવવાનો નિશ્ચય કરે છે. અમુક દિવસ પછી ફરી પાછા બૌદ્ધ શાસ્ત્રો, મિત્રો અને બધું યાદ આવવાથી બૌદ્ધ મઠમાં ચાલ્યા જાય છે. ફરી ગુરુ મહારાજ એ જ શિક્ષા આપે છે. થોડો સમય પછી ગુરુ મહારાજ પાસે પાછા ફરે છે ત્યારે નક્કી કરે છે, ગુરુ મહારાજ કહેશે તો પણ હું અહીં રહીશ નહિ. પાછો ચાલ્યો જઈશ. પણ ગુરુ મહારાજની શિક્ષા બાદ ફરી પાછુ એ જ થયું અને આવું આવન-જાવન થતું રહ્યું. ગુરુ મહારાજને તેનામાં અતુભ્રષ્ટની સ્થિતિ દેખાવા લાગી. છેવટે જયારે પાછા ફરે છે અને ઊભો આપવાની તૈયારી દર્શાવે છે, નિશ્ચય કરીને જ આવ્યા છે કે તેમને બૌદ્ધ ધર્મ જ અંગીકાર કરવો છે ત્યારે ગુરુ સિદ્ધમુનિના હાથમાં **‘લલિતવિસ્તરા’** નામનો ગ્રંથ આપે છે. આ લલિતવિસ્તરા એટલે આચાર્ય હરીભદ્રસુરિ દ્વારા રચવામાં આવેલો ગ્રંથ જેમાં ચૈત્યવંદનના સુત્રો અને વ્યાખ્યા વાંચવા આપી. થોડી વખત ગ્રંથ વાંચવાનો સમય આપે છે. લાંબા સમય બાદ ગુરુ પાછા ફરે છે ત્યારે જુએ છે તો સિદ્ધમુનિ ભક્તિમાં લીન હોય છે. ગુરુને ઉભા થઇ વંદન કરી કહે છે, ‘ધર્મને સાચા સ્વરૂપે મેં ઓળખ્યો ન હતો એ મારી ભૂલ હતી. મને આ આ ગ્રંથના અધ્યયનથી ધર્મના તત્વોનું સાચું રહસ્ય સમજાવા લાગ્યું છે. ભ્રમિત થયેલી મતિના ભ્રમો દૂર થઇ ગયા અને ગુરુ કહેશે તેવી

રીતે જ જીવન જીવવાનો નિશ્ચય કરે છે. એક ગ્રંથે તેનામાં પરિવર્તન લાવ્યું. બસો વર્ષ પહેલા થઇ ગયેલા આચાર્યના ઉપકારનો ભાવ દર્શાવતા પોતાના સાચા ગુરુ હરીભદ્રસુરિને જ સ્વીકારે છે. એમના ગ્રંથથી તેઓને ઘણી પ્રેરણા મળી છે. તેમાંથી જ તેમણે એક મોટો પેરેગ્રાફ વાંચીને **'ઉપમિતિ ભવપ્રપંચ કથા'** રચવાનો નિશ્ચય કર્યો હતો. એ પેરેગ્રાફમાં આચાર્ય હરીભદ્રસુરિએ સંસારના પ્રપંચની કથાને વિવિધ ઉપમાઓ આપીને વિવિધ પાત્રો રચીને વિસ્તાર કરવામાં આવ્યો હોય તેનું નામ **'ઉપમિતિ ભવપ્રપંચ કથા'**. આ કથાની અંદર સંસારનો વિસ્તાર અને સાથે સાથે આત્માના ઉત્થાન અને પતનની અદ્દભૂત વાત કરી છે. આ કથાના રહસ્યને પામવું એ ખરેખર સૌભાગ્યની વાત છે.

ઘણી રીતે મહત્વની આ કથાનું એક નાનકડું દ્રષ્ટાંત જોઈએ. **'ઉપમિતિ ભવપ્રપંચ કથા'ના** ત્રીજા પ્રકરણના અંતે એક મહત્વની વાત કરવામાં આવી છે. **દત્ત** નામના સાધુને એક યુવરાજ આવીને પૂછે છે તમે ધર્મની આટલી બધી વાતો કરો છો, ધર્મનું આટલું મોટું ગહન સ્વરૂપ સમજાવો છો તો મને એક વાત સમજાવો કે જૈનધર્મનો અને જૈન શાસનનો સાર શું? એકદમ સંક્ષિપ્તમાં સમજાવવા કહે છે. ત્યારે દત્તગુરુ જૈન ધર્મના સારને ચાર શબ્દોમાં કહે છે. જો એ બાબતો આપણા જીવનમાં ઉતરી આવે તો ઘણો લાભ થાય.

- અહિંસા
- ધ્યાન-યોગ
- રાગ-દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ જેવા આંતરિક શત્રુઓ પર વિજય
- સાધર્મિ પ્રત્યે અનુરાગ

આપણે ત્યાં સૌથી પહેલી વખત હરીભદ્રસુરિ સાધર્મિ માટે **'કલ્યાણમિત્ર'** શબ્દનો પ્રયોગ કરે છે. અને આ શબ્દ પણ આપણને **'લલિતવિસ્તરા'** ગ્રંથની અંદર પ્રાપ્ત થાય છે. આટલા ચાર શબ્દોમાં જૈન ધર્મનો સમગ્ર સાર વણી લેવો તે સિદ્ધમુનિ જ કરી શકે. તેઓને બૌદ્ધ દર્શનના તાર્કિક ગ્રંથોથી લઈને જૈન શાસ્ત્રોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કર્યો હતો. આ ગ્રંથની રચના સમયે તેમને ઘણા પ્રશ્નો હતા. ઊપમિતિ એટલે કે રૂપકો દ્વારા કથા કરવી એ મુશ્કેલી ભર્યું કામ હતું. એકાદ દ્રષ્ટાંતમાં રૂપક પ્રયોજવું એક જુદી વાત છે અને આખા ગ્રંથમાં રૂપકો

પ્રયોજવા એ જુદું!! આખા ગ્રંથી કથાને રૂપકો સાથે જોડવી તેનું કથન કરવું એ સિદ્ધમુનિ જ કરી શકે. રૂપકોનો શાસ્ત્રોમાં પ્રયોગ કરવાની શરૂઆત કરતી વખતે ઘણા લોકો પ્રશ્નો પણ ઉઠાવે. તેના જવાબમાં રૂપકોનો પ્રયોગ આગમિક કાળમાં જ થયો હોવાનું મનાય છે. **પુષ્કરાવર્ત મેઘ**નું દ્રષ્ટાંત આપતા એ વાત સાબિત કરી બતાવે છે. જેનું આંતર કઠોર અને મિથ્યા હોય તેને ગમે તેટલો ઉપદેશ આપવામાં આવે તો પણ તે પલળતો નથી. અને જેનું હૈયું નરમ છે તેને સામાન્ય ઉપદેશથી પણ મોટો લાભ થઇ જાય છે. આવા બીજા અનેક દ્રષ્ટાંતો અને રૂપકો દ્વારા ઉપદેશ આપવાની વાત કરી છે. ક્રોધ, માન, માયા અને લોભને સર્પની ઉપમા આપવામાં આવી છે. જયારે મદારી બિન બજાવવા લાગે ત્યારે સર્પો નાચવા લાગે છે. માણસ જયારે આ સંસારમાં રાગયુક્ત બની જાય છે ત્યારે કશાયો બેફામ બનીને નાચવા લાગે છે. લોકો એમ માને છે કે તેને મદારી નચાવે છે. પણ ખરેખર તો તે સર્પ જ મદારીને નચાવે છે. આવી અનેક નાની નાની રૂપક કથાઓ આપણા આગમિક સાહિત્યમાં આપણને પ્રાપ્ત થાય છે અને તેને આધાર બનાવીને સિદ્ધશ્રીગણી કહે છે કે મારે રૂપક દ્વારા સંસારના પ્રપંચને વિસ્તારથી કહેવો છે. અને એ વિસ્તારથી કહેવા માટે મનની અંદર ઉત્પન્ન થતા ભાવોને એક એક પાત્રોની ઉપમા આપી છે. આ પાત્રોને નામ આપ્યા છે અને તેના નામથી આખી કથા વણી છે. આપણા મનના ભાવોને બે ભાગમાં વહેંચી શકીએ.

- શુભ ભાવ
- અશુભ ભાવ

તેઓએ મનોવિજ્ઞાનને બરોબર પચાવ્યું હશે. તેમને મનના તમામ ભાવો ઉપર વિચાર કર્યો છે. તેમના પહેલા પ્રસ્તાવમાં તેમણે એક અદ્દભુત વાત કરી છે.

એક નગરની વાત કરી છે. તે વિસ્તરતું જાય ત્યારે ખબર નથી પડતી આપણે ક્યારે નગરની અંદર પ્રવેશી ગયા છીએ. એવું મોટું નગરનું નામ '**અદૃષ્ટમૂલપર્યંત**' એટલે કે જેની શરૂઆત, જેનો મૂળ, જેનો છેડો ન જાણી શકાય એવું નગર. નગરની અંદર અનેક પ્રકારની પ્રવૃત્તિઓ થઇ રહી છે. બગીચાઓ, કુવા, બજાર એટલું અદ્દભુત છે કે તેનું વર્ણન કરવું મુશ્કેલ છે. કોઈક માણસ જ આ નગરનું બરાબર વર્ણન કરી શકે. એ નગરનો રાજા **સુસ્થિત** છે. એટલે

ઊંડાણ પૂર્વક સ્થિત થયેલો. જે ક્યારેય ચલાયમાન નથી થવાનો. ધીર-ગંભીર, સૌમ્ય અને ભવ્ય આ રાજા. એ જ નગરની અંદર **નિષ્પુણ્યક** નામનો ભિખારી વસે છે. એટલે કે એક તરફ ભિખારી અને પુણ્યરહિત. તેને કોઈ સ્વજનો નથી, પરિશ્રમ કરવાની શક્તિ નથી, શરીર હાડપિંજર, કપડા ચીથરેહાલ છે, શરીર રોગોનું ઘર, લાંબી દાઢી. સંપતિ માત્ર ફૂટેલું પાત્ર. તેને જોઇને ખ્યાલ આવે કે પાપી અને ગરીબ માણસો કેવા હોય. શેરીઓમાં ભિખ માંગતો ત્યારે બાળકો એને પરેશાન કરતા. ભિક્ષાની અપેક્ષાથી શેરીમાં ફરે છે. બાળકોની મશ્કરી અને શ્રેષ્ઠીઓના ધુત્કાર જેવી લાચારીઓ સહન કરે છે. ખાવાનું મળે છે તો એઠું, જુઠું, વાસી મળે છે. કુતરાઓ હસે છે. આવું ભોજન તે કુતરાઓને પણ આપે છે જેના લીધે કુતરાઓ ભસતા શાંત થઇ જાય છે. એ જ નિત્યક્રમ કોઈક વખત મળે તો આવું, નહીં તો મળતું જ નથી. આવું ખાવાનું પણ તેના માટે મિષ્ટાન જેવું અનુભવે છે. પરંતુ ખાધા પછી તેને પેટમાં દુઃખવા લાગે છે. આ ભૂખ એવી ભયંકર હતી જેટલું અનાજ જતું તેટલી ભૂખ પણ તીવ્ર બનતી હતી. તુચ્છ વસ્તુ ખાવાની લાલસા વધતી જતી હતી. એક વખત તે રાજમંદિરના દ્વાર સુધી પહોંચી જાય છે. દ્વાર પાસે બે સિપાઈઓ ઉભા છે તે તેને ધુત્કારીને કાઢી મુકે છે. રાજમંદિરનો દરવાજો ખુલ્લો જોતો ત્યારે તેને આશ્ચર્ય થતું, બહારની દુનિયા અને રાજમંદિરની અંદરની દુનિયા અલગ છે. પણ અંદર જવાનું ભાગ્ય ન હોવાથી પાછો ફરે છે. આવી રીતે અનેક વખત બને છે. દ્વારપાળ ઉભા છે તેનું નામ **મહામોહ** અને **મહાઅજ્ઞાન** છે. આ નામ પાછળ પણ મનની અંદર રહેલા બે દુષણો જે તેને વારંવાર સંસારમાં પાછા ધકેલે છે. આ બંને દુર્ગુણોને કારણે જ તેને રાજમંદિરમાં પ્રવેશ મળતો નથી. તે વારંવાર પાછો ફર્યા કરે છે. તેનો સંબંધ કથાને જુદા સ્તરે લઇ જઈ ઉપમેય દ્વારા સમજવાની કોશિશ કરીએ તો ખ્યાલ આવશે કે આ આપણા બધાની કથા છે. આ **'ઉપમિતિ ભવપ્રપંચ કથા'** કોઈ કાલ્પનિક કથા નથી પણ મારા પોતાના જીવનની જ કથા છે.

જે શેરીઓમાં ફરે છે, વારંવાર ભટકે છે અને ભટકવા છતાંય ભોજન નથી મળતું તે તેના કર્મોનું ફળ છે. કોઈક વખત મળી જાય છે ત્યારે આશ્ચર્ય અને આનંદ થાય છે. આ મળ્યું છે તેમાંથી સારા કર્મો કરે છે કે તે કુતરાઓને પણ આપે છે. સત્ કર્મ એ યથાપ્રવૃત્તિકરણ છે.

એક જીવ પોતાના જીવનની અંદર અનેક વખત સારું કામ કરેં છે, સારું કામ કરવાનો આનંદ હોય છે પણ બીજી જ ઘડીએ ખરાબ કામ કરવાનો પ્રપંચની અંદર અટવાઈ જવાને કારણે સારા કામની અંદર જ પોતાના જીવનનું સર્વસ્વ માનીને બીજા સારા કામો કરવાનું ભૂલી જાય છે. એમ માને છે કે હમણાં જ તો દાન આપ્યું હતું, ફરી પાછા કેમ આવી ગયા? આવા પ્રકારના ભાવો ઉત્પન્ન થવા માનવની સહજવૃત્તિ છે. આવું યથાપ્રવૃત્તિકરણ જીવનમાં અનેક વખત કર્યું પણ આ મહા મોહ અને મહા અજ્ઞાન તેને વારંવાર ધકેલે છે. કોઈક વખત એ બંને સિપાઈઓ રજા ઉપર હોય છે. તેઓની જગ્યાએ એક બીજો સિપાઈ નોકરી પર આવે છે. તેનું નામ **સ્વકર્મવિવર** છે. એટલે કે પોતાના કર્મોના છિદ્રો. ભિખારીને જોઇને સિપાઈને દયા આવે છે. આજે એક વખત તેને અંદર જવા દે છે. પ્રવેશ મળવાથી ભિખારી સાત માળના ભવ્ય રાજમંદિરને જુએ છે. ત્યાં ઉપલા માળે રાજા સુસ્થિત ત્યાં બેઠેલા હોય છે. બંનેની નજર એકબીજા ઉપર પડે છે. દ્રષ્ટિનું મિલન થવાનો પ્રસંગ ત્યાના મંત્રી **ધર્મબોધકર** જુએ છે. તેને આશ્ચર્ય થાય છે કે પહેલી વખત પ્રવેશમાં રાજા સાથે દ્રષ્ટિમિલન થયું છે એટલે ચોક્કસ આ કોઈ ઉત્તમ જીવ હોવો જોઈએ. પોતાના ઘરે લઇ જઈને મંત્રી ભિક્ષુકને પોતાનું પાત્ર છોડી દેવા કહે છે. સેવકો સ્નાન કરાવીને દિવ્ય વસ્ત્રો પહેરાવશે. તારા ઉપર અમારા રાજાની નજર પડી છે. ભિક્ષુક વિચારે છે કે જો હું આ પાત્ર પણ છોડી દઈશ તો મારું પોતાનું શું રહેશે. આ વિચાર કરીને તે છોડવા માંગતો નથી ત્યારે સિદ્ધશ્રીગણી કહે છે, ક્યારેક કોઈ સારું કામ કરવા બેસે ત્યારે જ તે તેવું વિચારવા લાગે કે આની પાછળ પણ તેનું કોઈ ષડ્યંત્ર લાગે છે. તેની પાસે નોકરો નહીં હોય એટલે કઈ કામ કઢાવવું હશે. મંત્રી વિચાર કરે છે કે આને કઈ રીતે સમજાવવો. **તદ્દયા** નામની પોતાની પુત્રી તને સરસ **મહાકલ્યાણકર** ભોજન આપશે. આ ભોજન ખાવાથી મહાન કલ્યાણ થાય છે. જેને આપણે સાત્વિક અને સ્વાદિષ્ટ કહીએ છીએ. ભિક્ષુકને તેની પાછળ પણ ગુપ્ત રહસ્ય દેખાય છે. અને ખાવાની મનાઈ કરે છે. ત્યારે મંત્રી તેની આંખમાં **વિમલાલોક** નામનું એક આંજણ આંજી દે છે. તેનાથી તેની દ્રષ્ટિ નિર્મળ થઇ જાય છે. તેઓ વિશે સારું તો વિચારે છે, પણ રહસ્યમય તો લાગે જ છે. થોડું જ ખાય છે. મંત્રી તેને **તત્વપ્રીતિકર** જળ પીવડાવે છે. ત્યારબાદ ભિક્ષુકનો ઉન્માદ સંપૂર્ણ નાશ પામે છે. તેને આ ખાવાનું આનંદદાયક બને છે. પરંતુ તે પોતાનું પાત્ર છોડવા નથી માંગતો. થોડું ભોજન

પાત્રમાં રાખતો જાય છે. તે વાસી, ગંધાતું અને જૂનું થશે પછી જ તેને મિષ્ટાન જેવું લાગશે. તેના કારણે પેલાના મનની અંદરના વિચારો ઘૂંટતા લાગે છે અને રહસ્ય સમજી શકતો નથી. ધર્મબોધકર મંત્રીને આટલું કાર્ય પછી પણ સમજમાં નથી આવતું કે ભિક્ષુક હજુ કેમ સમજતો નથી. હવે તદ્દ્યાની બદલે બીજી દીકરી **સુબુદ્ધિ**ને પરિચારિકા રૂપે તેની સેવામાં મુકે છે. ધીરે ધીરે ભિક્ષુકને સમજાવી તેના મનના બધા જ ભાવોનું નિરાકરણ કરે છે અને દરરોજ મહાકલ્યાણકર ભોજન ખાવાની જિજ્ઞાસા પ્રગટે છે અને ખ્યાલ આવે છે કે આ બધા ખૂબ સારા છે. આ લોકોને મારે છોડીને જવું જોઈએ નહીં. ધર્મબોધકર મંત્રી, તદ્દ્યા અને સુબુદ્ધિ તેનું નામ બદલવાની ક્રિયા કરે છે. નિષ્પુણ્યક માંથી **સપુણ્યક** બની ગયો છે. તેના મનની અંદર ઉપદેશ આપે છે. જગતના ત્રણ પ્રકારના માણસોની વાત કરે છે.

- સુસાધ્ય માણસો – થોડામાં ઘણું સમજી લે.
- દુસાધ્ય – ઘણું સમજાવો પણ થોડું સમજે.
- ક્યારેય પણ ન સમજે.

સપુણ્યકને હવે થાય છે કે એવું મેં શું કર્યું છે કે મને આટલી સુવિધાઓ મળી, રાજાએ દ્રષ્ટિપાત કર્યો, ધર્મબોધકર મંત્રીએ આટલો સમજાવ્યો, તેમની બંને પુત્રીઓએ મારી સેવા ચાકરી કરી. ત્યારે સુબુદ્ધિ તેની પાછળનું એક જ કારણ બતાવે છે, 'જેણે જેટલું વાવ્યું હોય તેટલું જ લણે' ભૂતકાળમાં તમે એવું કઈ કર્યું હશે જેના લીધે તમને આ બધું મળ્યું હશે. સપુણ્યકને પ્રશ્ન થાય છે કે ભવિષ્યમાં પણ આ બધું મળે તેના માટે શું કરવું જોઈએ? જવાબમાં જે કઈ મળ્યું છે તેનો વિસ્તાર કરવાનું કહે છે. બીજાને આપવાથી અનેક ગણું થઈને આપણી પાસે આવે છે. ભવિષ્યને ઉજ્જવળ બનાવવા માટે જેટલું મળ્યું હોય તેમાંથી લોકોને આપવું. પ્રશ્ન થાય છે કે તે કેવી રીતે આપે. તેની પરિસ્થિતિ તો સબળ કે સશક્ત નથી. તે ચાર રસ્તા પર જઈને લોકોને બોલાવી બોલાવીને આપવા માંગે છે પણ કોઈ આવતું નથી. તે હારીને ફરી સુબુદ્ધિ પાસે આવે છે. આપવાની ખોટી પદ્ધતિને લીધે કોઈ આવતું નથી. સામેથી બોલાવશો તો લોકોને શંકાસ્પદ લાગશે. આપવું જ હોય તો જ્ઞાન, સમજને સુવર્ણ પાત્રમાં મુકીને ઉભો રહેશે તો લોકો સામેથી તેની પાસે આવશે. સુંદરમજાની પેટીની અંદર તાલપત્રોમાં

**'ઉપમિતિ ભવપ્રપંચ કથા'** રચીને જગત સમક્ષ મુક્યો છે, જે જે આને પ્રાપ્ત કરશે તેને મારા જેટલો આનંદ પ્રાપ્ત થશે. પહેલા પ્રકરણ દ્વારા સિદ્ધશ્રીગણીએ પોતાના જીવનની કથા કહી આપી. આ માર્ગમાં આવતા પહેલા તેમની કેવી સ્થિતિ હતી.! રાજમંદિર એ મહા મોહ છે. નગરની ફરતે જે ખાઈ છે તે તૃષ્ણા છે. આપની તૃષ્ણારૂપી ખાઈ એટલી ઊંડી છે કે તેનું મૂળ જ ખબર પડતી નથી. આ નગરની અંદર ઊંડા કુવાઓ સંયોગ અને વિયોગ હતા. તેમાં અટવાયેલો સંસારી જીવ જંગલ સમાન છે. ક્રોધ, માન, માયા અને લોભ નાના બાળકો છે જે તેને પથ્થરો મારતા હતા. કુતરાઓ સ્વજનો છે. થોડું પણ ધન ખાવા મળે એટલે પાછળ પાછળ આવી જાય, થોડું આપો એટલે ખુશ, થોડા દિવસ પછી ફરી પાછા. કરિયાણાની દુકાનો તે વિવિધ દર્શનો છે. સુસ્થિત રાજા છે તે ભગવાન છે. જેમની દ્રષ્ટિ આપણા ઉપર પડે તો આખું જીવન બદલાઈ જાય. વધારે ભૂખ, ઉન્માદ, મિથ્યાત્વ છે. વેદના તે અમાવસ્યાની રાત છે. મંત્રી તે આચાર્યો અને તેની બે પુત્રી એ તેઓની દ્રષ્ટિ. આવી કથાના પહેલા પ્રસ્તાવની વાત અહીં કરી. આગળની કથાઓ ઇન્દ્રિયોના પ્રત્યેક ભાવને કથા દ્વારા આપણી સામે મૂકી છે. અવાંતર કથાઓ પણ આપે છે.

વૈદ રાજ લોકોના રોગોનો ઉપચાર કરતા હોય છે. જેનાથી લોકોને સારું થઇ જતું હોય છે. એક ગુરુ અને તેનો એક શિષ્ય છે. ગુરુ બિમાર છે. ખૂબ સેવા કાર્ય બાદ પણ સારું નથી થતું એટલે શિષ્ય વૈદરાજ પાસે જવાનું નક્કી કરે છે. વૈદરાજ તેના છોકરાને ખોટું કામ કરીને આવ્યો હોવાથી થાંભલા સાથે બાંધીને મારતા હોય છે. આ શિષ્ય વિચાર કરે છે કે કોઈ ચુપ રહેતું હોય તો તેને થાંભલા સાથે બાંધીને મારીએ એટલે બોલતો થઇ જાય. આશ્રમમાં આવીને પોતાના ગુરુને બાંધીને મારે છે અને કહે છે કે હું આટલી સેવા કરું છું છતાં તમે કઈ બોલતા જ નથી. અને જોર જોરથી મારવા લાગે છે.

આવી રમૂજ વાતો પણ અહીં કરવામાં આવી છે. કથા નિરસ ન થાય તે માટે અનુભવોની વાતો, ધર્મની વાતો, સિધ્ધાંતની વાતો, પ્રવાસ, જ્યોતિષ, રૂપની અદ્દભુત વાતો કરતો આ ગ્રંથ ખરેખર એક મોટું રત્ન છે. આપણે આવા ગ્રંથો ધરાવીએ છીએ તેનાથી જ જૈન શાસનનું ગૌરવ છે.